

(તસવીર : દિપક જાની)

# મહાત્મા મંદિર ખાતે સરપંચ મહાસંમેલન સંદર્ભે ગાંધીનગરના માર્ગોની સફાઈ

## વરસાદમાં ધોવાયેલા માર્ગો પર ડામરની કાંકરીઓ પથરાઈ છે

ગાંધીનગર, તા.૧૫

મહાત્મા મંદિર ખાતે યોજાનારા સરપંચ સંમેલનને અનુલક્ષી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પાટનગર યોજના વિભાગ દ્વારા આ વિસ્તારના માર્ગોની સફાઈ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આગામી તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ મહાત્મા મંદિર ખાતે યોજાનારા સરપંચોના સંમેલનને અનુલક્ષી તંત્ર તૈયારીમાં ગળાડૂબ બન્યું છે. સરપંચ સંમેલનને અનુલક્ષી મહાત્મા મંદિરના રૂટ આસપાસના માર્ગોની સફાઈ હાથ ધરવામાં આવી છે. ચોમાસાના વરસાદી દિવસો દરમિયાન માર્ગોનું ધોવાણ થતા શહેરના મોટાભાગના માર્ગો પર ડામરની ગ્રીટ ઉખડી ગઈ છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાનારા આ સંમેલન પૂર્વે તંત્ર દ્વારા માર્ગ પર જરુરી સ્થળોએ સમારકામ પણ હાથ ધરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ શહેરના 'ખ' અને 'ગ' માર્ગ પર માર્ગોની જરુરી સફાઈ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રોડ નં. ૫ ઉપર પણ સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. મહાત્મા મંદિર તરફ જતા વિવિધ માર્ગોની સાથે સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં પણ સફાઈનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

# મીટર વગર ચાલતી રિક્ષાઓ પર ટ્રાફિક પોલીસની લાલ આંખ

## ઉચ્ચક ભાડું વસુલીને ઉઘાડી લૂંટ ચલાવતી ૨૫ રિક્ષાઓ ડીટેઈન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં ઉચ્ચક ભાડુ વસુલીને રિક્ષા ચાલકો દ્વારા ઉઘાડી લુંટ ચલાવવામાં આવતી હોવાની જિલ્લા પોલીસ અધિક્ષકને મળેલી સંખ્યાબંધ ફરિયાદોને પગલે રિક્ષામાં મીટર ફરજીયાત કરી મીટર વગર ઉચ્ચક ભાડુ વસુલતા રિક્ષા ચાલકો પર સઘન કાર્યવાહી કરવા ટ્રાફીક પોલીસને સુચના અપાઈ હતી. જેના પગલે ટ્રાફીક પોલીસે અડાલજ અને સે-૨૧ પોલીસ સ્ટેશનની હદમાંથી એક જ દિવસમાં ૨૫ રિક્ષાઓ ડીટેઈન કરીને કડક કાર્યવાહી કરી છે આ ડ્રાઈવને હજુ પણ આગામી દિવસોમાં ચાલુ રાખી રિક્ષાચાલકો વિરૂધ્ધ અટકાયતી પગલા લેવામાં આશે.

જિલ્લામાં મુસાફરોને બેફામ રીતે છેતરતા રિક્ષાચાલકો પર નિયંત્રણ લાવવા માટે તમામ રિક્ષાઓમાં મીટર લગાડવા આદેશ જારી કરી તાત્કાલીક ધોરણે રિક્ષાઓમાં મીટર લગાડી દેવા સૂચનાઓ આપી દેવાઈ હતી. તેમ છતાં હજુ સુધી આ નિયમને ન ગણકારી રીક્ષા ચાલકો ઉચ્ચક ભાડા વસુલતા હોવાની ફરિયાદો મળતા જિલ્લા પોલિસ અધિક્ષક અર્ચના શિવહરેએ જિલ્લા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતને વિશેષ ડ્રાઈવ રાખવા સુચના આપી હતી. જેને પગલે ટ્રાફીક પોલીસે આજે અડાલજ અને સે-૨૧ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ચેકીંગ કરીને મીટર વગર ફરતી ૨૫ રિક્ષાઓ ડિટેઈન કરી તવાઈ મચાવી હતી. પોલીસે મીટર વગરની રિક્ષાઓ પર લાલ આંખ કરતાં અન્ય રીક્ષા ચાલકોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો હતો અને મીટરો નંખાવવા દોડધામ શરુ કરી દીધી હતી. ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતના જણાવ્યા મુજબ આ ડ્રાઈવ હજુ પણ ચાલુ રાખવામાં આવશે અને રિક્ષા ચાલકો વિરૂધ્ધ અટકાયતી પગલા લેવામાં આવશે.

# મનપાના ભાજપી કાઉન્સીલરો મુખ્યમંત્રીને આભારપત્ર લખશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાને મુખ્યમંત્રી સ્વર્ણીમ શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૭ કરોડની રકમ ફાળવવા બદલ ભાજપના કાઉન્સીલરો રાજ્યના મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી આભારની લાગણી વ્યક્ત કરશે.

વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે મળેલ વિપક્ષી કાઉન્સીલરોની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે મળેલ આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના જન્મદિનની શુભેચ્છાઓ પાઠવતો પત્ર લખવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની બેઠકમાં આંતર માળખાકીય સુવિધાના કામો અંગે પણ પ્રાથમિક ચર્ચાઓ કરવામાં આવી હતી. ખાસ કરીને ગાંધીનગરની આસપાસના વિકાસ પામી રહેલા વિસ્તારોમાં આ સુવિધા અંગે ચર્ચાઓ થઈ હતી.

**ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)**

નિયામકશ્રીની કચેરી, પહેલો માળ, પ્લોટ નં. ૨૭૨-૨૭૩, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાની પાછળ, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
ટેલી : ૦૭૯-૨૩૨૪૦૯૬૪, ટેલી ફેક્સ : ૨૩૨૪૦૯૬૫
વેબસાઈટ : www.gemi-india.org
ઈમેલ : info@gemi-india.org

**૧૧ માસના કરાર ઉપર નીચે મુજબની જગ્યાઓ માટે અરજીઓ આમંત્રિત કરે છે.**

જગ્યાનું નામ / ફિક્સ પગાર તેમજ કુલ જગ્યાઓ

(૧) પર્યાવરણ ઈજનેર (રૂ. ૨૫૦૦૦/- ફિક્સ) - ૧
(૨) પર્યાવરણ ઈજનેર (ઓડીટ સ્કીમ)(રૂ. ૧૦૦૦૦/-ફિક્સ)-૧
(૩) જુનિયર સાયન્ટીસ (રૂ. ૭૦૦૦/- ફિક્સ) - ૨
(૪) પી. એ. કમ સ્ટેનો ડાયરેક્ટર (રૂ. ૧૦૦૦૦/- ફિક્સ) - ૧

વધુ માહિતી દા. ત. શૈક્ષણિક લાયકાત વિગેરે માટે અમારી ઉપર જણાવેલ વેબસાઈટ અથવા અમારા ઉપર જણાવેલ નંબર અથવા શ્રી આર. એચ. કનાડીયા, મો. નં. ૭૬૯૮૭૬૯૯૭૧નો સંપર્ક કરવો. ઈચ્છીત વ્યક્તિઓ કે જે જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોય તેઓ મોડામાં મોડી તા. ૨૬-૯-૨૦૧૨ (બુધવાર) સુધીમાં અત્રેની કચેરીના ઉપરના સરનામે અરજી મોકલી શકે છે. અરજીના કવર ઉપર જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

સહી/-
(ડો. સંજીવ ત્યાગી)
નિયામક, ગેમી, ગાંધીનગર

**જાહેર આભાર**



**શ્રી અણદાભાઈ પટેલ**
(ડિરેક્ટર - બનાસડેરી, કાંકરેજ)

કાંકરેજ તાલુકાના મત વિસ્તારની બનાસ ડેરીની ચૂંટણીમાં મને ૧૦૮ મતોમાંથી ૭૧ મત આપી ઝળહળતો અને જ્વલંત વિજય અપાવવા તેમજ મારામાં મૂકેલો વિશ્વાસ હું એળે નહીં જવા દઉં તેની ખાતરી આપું છું. દૂધ ઉત્પાદકોના હિત માટે સતત પ્રયત્નશીલ રહીશ, દૂધ ઉત્પાદકો અને મંડળીઓ મારા સહયોગીઓ અને ચૂંટણીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર તમામ લોકોનો સહૃદય આભાર માનું છું.

**ભાડે આપવાનું છે**

3 BHK રો-હાઉસમાં, પ્રથમ માળે, હરિધામ એન્કલેવ, રાયસણ, પેટ્રોલ પંપની નજીક, હાઈવે ટચ, ગાંધીનગર
મો. : ૯૯૨૫૮ ૩૨૮૮૦
મો. : ૭૮૭૪૯ ૦૫૦૬૪

**ફર્નિચર ભાડે મળશે**

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬




